# ચણા પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તા : ૨૨/૦૨/૨૦૧૮ ના રોજ નેશનલ ફૂડ સિકયોરીટી મિશન યોજના હેઠળ ચણા (ગુજરાત જૂનાગઢ ચણા-૩) પાકમાં કલસ્ટર પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત "ફિલ્ડ ડે"ની ઉજવણી ભામણ (તા. સંજેલી) ગામે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડૉ. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી) દ્વારા ચણા પાકમાં મુલ્યવર્ધન અને કૃષિમાં યાંત્રીકિકરણની ઉપયોગીતા અને તેનું મહત્વ વિશે, પ્રો. એ. જી. પંપાણીયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પાક સંવર્ધન), હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ દ્વારા કઠોળ પાકમાં બીજ ઉત્પાદન તથા ચણાની જાત જી.જે.જી-૩ ની શુધ્ધતા જાળવણી વિશે, પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ ચણા પાકનુ મહત્વ અને કિચન ગાર્ડનીંગ વિશે સમજ, પ્રો. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ)એ મુખ્ય રવી પાકોની સંગ્રહ વ્યવસ્થા તથા જૈવિક નિયંત્રણ વ્યવસ્થાપન વિશે, પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા ખેડૂત દિનનું મહત્વ તથા કઠોળ પાકનુ મહત્વ વિશે, પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વૈજ્ઞાનિક) દ્વારા જી.જે.જી.-૩ જાતનો વધુમાં વધુ સમસ્તરીય પ્રસાર તથા જૈવિક ખાતર વ્યવસ્થાપન વિશે અને પ્રગતીશીલ ખેડૂત નારૂભાઈએ પ્રથમ હરોળ નિર્દશનનો અભિપ્રાય આપી ખેડુતોને પ્રોત્સાહિત કરેલ. આ કાર્યકમમાં કુલ ૮૩ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.



ડૉ. એસ. કે. પટેલનું ઉદ્દબોધન



પ્રો. એ. જી. પંપાણીયાનું ઉદ્દબોધન



પ્રો. એચ. એલ. કાચાનું ઉદ્દબોધન



પ્રો. એન. કે. રાઠોડનું ઉદ્દબોધન




પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન



પ્રગતીશીલ ખેડૂત નારૂભાઈનું ઉદ્દબોધન



ચણા પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણીમાં ભાગ લીધેલ ખેડુત ભાઈઓ અને બહેનો